### ઇરાન-ઇઝરાયેલ યુદ્ધની ઘેરી અસર વર્તાઇ : મધ્ય ગુજરાતમાં ઇંધણ સંકટ ઘેરાયું

# દાહોદ, ગોધરા અને કાલોલમાં પેટ્રોલ-ડીઝલની અછતથી હાહાકાર

**પંપો** પર લાંબી કતારો, 'નો સ્ટોક'ના બોર્ડ અને કાળાબજારમાં પેટ્રોલના ભાવ 150 પાર



ગોધરામાં લોકો કલાકો સુધી પેટ્રોલ માટે ઉભા રહ્યા



કાલોલમાં લાંબી કતારો

(પ્રતિનિધિ) દાહોદ/ગોધરા/કાલોલ, તા.14

ઈરાન દ્વારા હોર્મઝ સ્ટ્રેટ બંધ કરાતા વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલ સપ્લાય પર ભારે અસર પડી હોવાનું સામે આવ્યું છે. વિશ્વના આશરે 28 ટકા જેટલા ક્રૂડ ઓઈલના પરિવહન પર અસર થતાં તેની સીધી અસર હવે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં પણ જોવા મળી રહી છે. દાહોદ, ગોધરા અને કાલોલ સહિત મધ્ય ગુજરાતના વિસ્તારોમાં છેલ્લા બે-ત્રણ દિવસથી પેટ્રોલ અને ડીઝલની ભારે અછત સર્જાતા લોકો ભારે પરેશાન બની ગયા છે. દાહોદ જિલ્લામાં હાલ પેટ્રોલ અને ડીઝલની સપ્લાય જરૂરિયાત કરતાં ઓછી મળી રહી હોવાનું જાણવા મળ્યું છે. જિલ્લામાં રોજિંદા ધોરણે અંદાજે 15 ટેન્કર ઈંધણની જરૂરિયાત સામે માત્ર 11 જેટલા ટેન્કરની સપ્લાય મળી રહી છે. પરિણામે દરરોજ આશરે 20 હજાર લિટર પેટ્રોલ અને 65 હજાર લિટર ડીઝલની ઘટ સર્જાઈ રહી છે. જિલ્લાનાં 55થી વધુ પેટ્રોલ પંપો પર 'નો સ્ટોક'ના બોર્ડ જોવા મળી રહ્યા છે, જ્યારે જ્યાં ઈંધણ ઉપલબ્ધ છે ત્યાં વાહનોની લાંબી લાઈનો લાગી રહી છે. આ સંકટની સૌથી વધુ અસર લગ્ન પ્રસંગો, ખેતીકામ અને રોજિંદા વાહન વ્યવહાર પર પડી રહી છે. પડોશી રાજ્યોમાંથી આવતા વાહનો પણ જિલ્લામાંથી ઈંધણ ભરાવતા સ્થિતિ વધુ ગંભીર બની હોવાનું જાણવા મળે છે. કાલોલ શહેરમાં પણ પેટ્રોલ પંપો પર ગત સાંજથી ભારે ભીડ જોવા મળી હતી. ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર વાહનોની લાંબી કતારો રોડ સુધી પહોંચી જતા ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી. ઈંધણ ખૂટી જવાની આશંકાને કારણે લોકોમાં ઉતાવળનો માહોલ જોવા મળ્યો હતો. કેટલાક સ્થળોએ ઘર્ષણ જેવી સ્થિતિ પણ સર્જાતા પંપ સંચાલકોને વ્યવસ્થા જાળવવા ભારે જહેમત ઉઠાવવી પડી હતી. બીજી તરફ પંચમહાલ જિલ્લામાં પણ ઈંધણની કટોકટી ઘેરી બની છે. ગોધરા, શહેરા સહિત તાલુકાના અનેક પેટ્રોલ પંપો પર જથ્થો ખલાસ થતાં 'પેટ્રોલ નથી'ના બોર્ડ લગાવી પંપો બંધ કરી દેવામાં આવ્યા છે. ખુલ્લા રહેલા ગણતરીના પંપો પર કિલોમીટરો લાંબી કતારો લાગી રહી છે. સ્થિતિને પહોંચી વળવા માટે કેટલાક પંપો પર રાશનિંગ પદ્ધતિ અમલમાં મુકાઈ છે. બાઈકચાલકોને માત્ર 200 અને ફોર-વ્હીલર ચાલકોને 500 સુધીનું જ પેટ્રોલ આપવામાં આવી રહ્યું છે. ડીઝલની અછતને કારણે લોકો કેરબા લઈને ઈંધણની શોધમાં ભટકી રહ્યા છે. લાંબી મુસાફરી કરતા વાહનચાલકો રસ્તામાં અટવાઈ જવાની ફરિયાદો પણ સામે આવી રહી છે. આ પરિસ્થિતિનો લાભ લઈને કેટલાક તત્વો દ્વારા કાળાબજારી પણ શરૂ થઈ હોવાનું સામે આવ્યું છે. જિલ્લામાં પેટ્રોલનો એક લિટર 150થી 200 સુધીના ભાવે વેચાઈ રહ્યો હોવાની ફરિયાદો ઉઠી રહી છે. વિશ્લેષકોના મતે જો વૈશ્વિક તણાવ અને સ્થાનિક સપ્લાય સંકટ લાંબો સમય યથાવત રહેશે તો તેની સીધી અસર અર્થતંત્ર, પરિવહન વ્યવસ્થા અને રોજિંદી જીવન પર પડશે. ટ્રાન્સપોર્ટ વ્યવસાય, ખેતી અને રોજગારી સાથે જોડાયેલા લોકો માટે આગામી દિવસો વધુ મુશ્કેલ બની શકે તેવી ભીતિ વ્યક્ત થઈ રહી છે.

---

### રૂ. ૪૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

## કાલોલ પોલીસની લાલ આંખ: મર્યાદા બહાર ડી.જે. વગાડતા 3 સંચાલકો સામે કાર્યવાહી

(પ્રતિનિધિ) કાલોલ, તા.14

ગુજરાત રાજ્યના પોલીસ મહાનિદેશક દ્વારા ધ્વનિ પ્રદૂષણ રોકવા અને પબ્લિક એડ્રેસ સાઉન્ડ સિસ્ટમમાં 'લિમિટર્સ'ના અમલીકરણ માટે રાજ્યવ્યાપી ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. કાલોલ પોલીસ સ્ટેશનના પી.આઈ. આર.ડી. ભરવાડ અને તેમની ટીમે રાત્રિ દરમિયાન સણસોલી, ઝેરના મુવાડા અને બોરું ટર્નિંગ જેવા વિસ્તારોમાં તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન નિયત ડેસિબલ કરતાં વધુ અવાજમાં ડી.જે. વગાડી જાહેર જનતા અને અબાલ-વૃદ્ધોને ખલેલ પહોંચાડતા ૩ ડી.જે. સંચાલકો વિરુદ્ધ ગુના દાખલ કરવામાં આવ્યા છે.





1. ઝેરના મુવાડા ખાતે કાર્યવાહી: સંચાલક/ઓપરેટરઃ ઘનશ્યામભાઈ ઉર્ફે ગનિયો રાવજીભાઈ પરમાર (સંચાલક) અને પ્રકાશકુમાર ઉર્ફે પકો અર્જુનભાઈ બારિઆ (ઓપરેટર).

જપ્ત મુદ્દામાલઃ 'ગણેશ સાઉન્ડ' (Ganesh Soundes) ની સાઉન્ડ સિસ્ટમ, આઈસર ટેમ્પો (GJ-23-AT-9084) અને ૨ મોબાઈલ મળી કુલ રૂ. ૨૫,૩૦,૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત.

2. બોરું ટર્નિંગ ખાતે કાર્યવાહીઃ સંચાલક/ઓપરેટરઃ મયુરસિંહ ધર્મેન્દ્રસિંહ ચૌહાણ (સંચાલક) અને મિતેશસિંહ બળદેવસિંહ ચાવડા (ઓપરેટર). જપ્ત મુદ્દામાલઃ 'વિરાજ સાઉન્ડ' (Viraj Sound) ની સાઉન્ડ સિસ્ટમ અને આઈસર ટેમ્પો (GJ-08-T-8572) મળી કુલ રૂ. ૨૦,૦૦,૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત.

3. કાલોલ ટાઉન ખાતે કાર્યવાહીઃ સંચાલક/ઓપરેટરઃ દીપકકુમાર અર્જુનસિંહ રાઠોડ.

સંબંધિત સાઉન્ડઃ 'રાજા એમ.એસ. મહાકાલી સાઉન્ડ' (Raja RMS Mahakali Sound). પોલીસે આ તમામ કેસોમાં 'નોઈસ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦', 'એન્વાયરમેન્ટ પ્રોટેક્શન એક્ટ ૧૯૮૬' અને 'ભારતીય ન્યાય સંહિતા' (BNS) ની વિવિધ કલમો હેઠળ ગુના નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

---

### પાછલા 4-5 વર્ષથી કામગીરી થતી નથી

## વેજલપુર રૂપારેલ નદી ઉપરના નાળાનુ કામ ખોરંભે

(પ્રતિનિધિ) કાલોલ, તા.14



વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા ૪ થી ૫ વર્ષ થી વધુ સમય પહેલા રૂપારેલ નદી ઉપર નાની મસ્જીદ થી વલિમિકીવાસ પટેલવાડા તરફ જવાના મુખ્ય રસ્તા ઉપર બ્રિજ નાળા નું કામ શરૂ કર્યું હતું પરંતુ આજદિન સુધી નાળા નું કામ પૂર્ણ નથતા ગામજનો માં ભારે નારાજગી જોવા મળી રહી છે છેલ્લા ઘણા વર્ષોથી અધુરૂ નાળાનું કામ ગામજનો માટે માથાનાં દુખાવા સમાન બની ગયો છે જેના કારણે રાહદારીઓ ને અવરજવર માં ભારે મુશ્કેલી વેઠવી પડે છે તેમ છતાં તંત્ર આંખ આડા કાન કરી રહયા છે વેજલપુર ગામજનો માં માંગ ઉઠી છે કે આગળ ચોમાસા પેહલા સ્થાનિક તંત્ર નાળા નું કામ પૂર્ણ કરે તેવી ગામજનો માંગ ઉઠી છે ગામ જનોના જણાવ્યા પ્રમાણે દેશ આઝાદ થયા પછી વેજલપુર ગામની આજુબાજુ ના અનેક સાંસદ સભ્યો અને ધારાસભ્યો ચૂંટાયા પરંતુ આજદિન સુધી એક પણ સાંસદ સભ્ય કે ધારાસભ્ય એ ગામની મુલાકાત લીધી નથી તેમજ ઉંચા બ્રિજ બનાવવા માટે ગ્રાન્ટ પણ ફાળવી નથી વેજલપુર ગામજનો ને પડતી મુશ્કેલીઓ માટે કોઈ નેતા કે ઉચ્ચ અધિકારીઓ પાસે સમય નથી એવું લાગી રહયું છે.

---

### આજથી 'વર્ક ફ્રોમ હોમ'ની જાહેરાત

## 5 મહિનાથી પગાર ન મળતા કાલોલ તાલુકા પંચાયતના મનરેગા કર્મચારીઓ આક્રમક

(પ્રતિનિધિ) કાલોલ, તા.14

પંચમહાલ જિલ્લામાં મનરેગા યો જના હેઠળ કાર્યરત કરાર આધારિત અને આઉટસોર્સિંગના ક ર્મચારીઓએ છેલ્લા પાંચ મહિ નાથી પગાર ન મળતા તં ત્ર સામે મોરચો માંડ્યો છે. વારંવારની રજૂઆતો અને જિલ્લા કક્ષાએથી મળેલી ખાતરીઓ પોકળ સાબિત થતા, કર્મચારીઓએ હવે ઓફિસ કામગીરીનો ત્યાગ કરી 'વર્ક ફ્રોમ હોમ' (ઘરેથી કામ) કરવાનો નિર્ણય લીધો છે. કર્મચારીઓએ તાલુકા વિકાસ અધિકારીને પાઠવેલા આવેદનપત્રમાં પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું છે કે: છેલ્લા પાંચ માસથી પગાર ન થવા છતાં કર્મચારીઓ નિષ્ઠાપૂર્વક ફરજ



બજાવી રહ્યા હતા. મોંઘવારીના જમાનામાં પગાર વગર ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે. લગ્ન પ્રસંગો, બાળકોનો અભ્યાસ, મેડિકલ ખર્ચ અને લોનના હપ્તા ભરવામાં ભારે આર્થિક તંગીનો સામનો કરવો પડી રહ્યો છે.

સમયસર પગાર ન મળતા દેવું વધી ગયું છે, જેના કારણે વ્યાજે નાણાં આપનારાઓ તરફથી માનસિક ત્રાસ વેઠવો પડી રહ્યો છે. કરાર આધારિત કર્મચારીઓને મળવાપાત્ર વાર્ષિક પગાર વધારો પણ લાંબા સમયથી ચૂકવવામાં આવ્યો નથી.કર્મચારીઓના જણાવ્યા અનુસાર, જિલ્લા કક્ષાએથી ગત ૧૦/૦૫/૨૦૨૬ સુધીમાં પગાર કરી દેવાનું વચન આપવામાં આવ્યું હતું, જે જૂઠું સાબિત થયું છે. આથી કંટાળીને કર્મચારીઓએ નિર્ણય કર્યો છે કે જ્યાં સુધી પૂરેપૂરો પગાર નહીં મળે, ત્યાં સુધી તેઓ ઓફિસ કે ફિલ્ડમાં જવાને બદલે ઘરે રહીને જ કામગીરી કરશે.આ બાબતે ગાંધીનગર ખાતે ગ્રામ વિકાસ કમિશનર, અધિક કમિશનર (MGNREGA) તેમજ પંચમહાલ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી સહિતના ઉચ્ચ અધિકારીઓને નકલ રવાના કરી તાકીદે પગાર કરાવવા ભલામણ કરવામાં આવી છે.

---

### ગોવિંદા તળાવ પાસે ઝાડ માફિયાઓ સક્રિય હોવાની ચર્ચા

## પીપલોદમાં સરકારી જમીન પર વર્ષો જૂનું ઝાડ કાપી નાખતા લોકોમાં રોષ

તંત્રની ભૂમિકા સામે ઉઠ્યા સવાલ

(પ્રતિનિધિ) દે.બારિયા, તા.14

પીપલોદ ગામમાં ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે લોકો ઝાડોના છાંયડાનો સહારો લઈ રાહત મેળવે છે. ત્યારે ગામમાં આવેલ ગ્રામ પંચાયત પાછળના ભાગે ગોવિંદા તળાવની પાળ નજીક સ્મશાનગૃહ પરિસરમાં આવેલ વર્ષો જૂનું વિશાળ ઝાડ કાપી નાખવામાં આવતા સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. મળતી માહિતી મુજબ આ ઝાડ સરકારી જમીનમાં આવેલું હોવા છતાં કોઈપણ પ્રકારની ખુલ્લી મંજૂરી કે જાહેર જાણ વગર કાપી દેવામાં આવ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સ્થાનિકોમાં એવી પણ ચર્ચા



છે કે સરકારી જમીનો અને સૂમસામ વિસ્તારોમાં ઝાડ કાપી વેચી નાખતી ટોળકીઓ સક્રિય બની રહી છે. લોકો દ્વારા સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે કે શું આ સમગ્ર મામલે વન વિભાગ, વનીકરણ વિભાગ અથવા સ્થાનિક તંત્ર અજાણ હતું કે પછી કોઈની મિલીભગતથી આવી હરકતો થઈ રહી છે. વર્ષો જૂના લીલાછમ ઝાડોને બિનપરવાનગીથી કાપવાના બનાવો વધતા જતા પર્યાવરણપ્રેમીઓમાં પણ ચિંતા વ્યાપી છે. અગાઉના વર્ષોમાં પણ પંચેલા ગામ વિસ્તારમાં આવેલ સ્મશાનમાંથી લોખંડની ચોરીનો બનાવ સામે આવ્યો હતો.

આ ઘટનાની જાણ પોલીસ સ્ટેશનમાં થતા પોલીસ તંત્રએ ગણતરીના કલાકોમાં જ સક્રિય કામગીરી હાથ ધરી ચોરી કરનારાઓને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. ચર્ચા મુજબ તે આરોપીઓ સ્થાનિક વિસ્તારના જ હોવાનું સામે આવ્યું હતું. ત્યારે હાલ ઝાડ કપાતની ઘટનામાં પણ ક્યાંક આવી જ ટોળકીઓ અથવા સ્થાનિક સ્તરે સક્રિય તત્વોની સંડોવણી હોઈ શકે તેવી લોકચર્ચા ઉઠી રહી છે.

---

### લીમડી પોલીસ સ્ટેશનની કાર્યવાહી

## દાહોદના કુણી ગામ ખાતે દારૂ ભરેલો ટ્રેક્ટર ઝડપાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.14

દાહોદ જિલ્લાના કુણી ગામ ના વાંક ફળિયામાં ચાર રસ્તા નજીક ગેરકાયદેસર રીતે ટ્રેક્ટરમાં વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાની બાતમીના આધારે લીમડી પોલીસ સ્ટેશન એ સફળ કાર્યવાહી કરી કુલ રૂ. 4,55,888 નો મુદ્દામાલ ઝડપી પાડ્યો. દાહોદ જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિઓ અને ગેરકાયદેસર દારૂની હેરાફેરી રોકવા માટે ગુજરાત પોલીસ દ્વારા ખાસ વોચ ગોઠવવામાં આવી છે. પંચમહાલ ગોધરા રેન્જ પોલીસ મહાનિરીક્ષક વિધિ ચૌધરી, દાહોદ પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા અને નાયબ પોલીસ અધિક્ષક ડી.આર. પટેલ ના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી હાથ ધરાઈ.



ખાનગી બાતમીના આધારે પોલીસે મહિન્દ્રા કંપનીના નંબર પ્લેટ વગરના ટ્રેક્ટરની હાઈડ્રોલિક ટ્રોલીની નીચેના ભાગમાંથી 384 બોટલ વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો. સાથે ટ્રેક્ટર અને મોબાઈલ ફોન મળી કુલ રૂ. 4,55,888 નો મુદ્દામાલ જપ્ત કરાયો. પકડાયેલા આરોપી તરીકે રાહુલભાઈ મુકેશભાઈ તાવિયાડ ની ધરપકડ કરવામાં આવી છે.

---

### ચીઠીયાવાડમાં આજે એક હૃદયદ્રાવક દુર્ઘટના સર્જાઈ

## ગોધરામાં જૂનું મકાન તોડતી વખતે દીવાલ ધસી પડતાં પિતા-પુત્રનાં મોત

(પ્રતિનિધિ) ગોધરા, તા.14

પંચમહાલ જિલ્લાના ગોધરાના ચીઠીયાવાડ વિસ્તારમાં એક જૂના મકાનને તોડવાનું કામ ચાલી રહ્યું હતું. આ કામ માટે ગોધરા તાલુકાના દયાળ ગામના વતની કાળુભાઈ સવજીભાઈ ઝાલૈય શ્રમિક તરીકે આવ્યા હતા. પિતા સાથે તેમનો ૪ વર્ષનો પુત્ર કિશન ઝાલૈયા પણ ત્યાં હાજર હતો. મકાન તોડવાની કામગીરી દરમિયાન એકાએક મકાનની જર્જરિત દીવાલ પિતા-પુત્ર પર ધસી પડી હતી.

દીવાલના કાટમાળ નીચે પિતા અને પુત્ર બંને ગંભીર રીતે દબાઈ ગયા હતા. આસપાસના લોકો તાત્કાલિક બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા, પરંતુ ઈજાઓ



એટલી ગંભીર હતી કે બંનેના ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા.ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પિતા-પુત્રના મૃતદેહોને કાટમાળમાંથી બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. એકસાથે પિતા અને પુત્રના મોતથી દયાળ ગામ અને મૃતકના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.આ કરુણ ઘટનાને પગલે મૃતકના પરિવારજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારીના કારણે જ કાળુભાઈ અને તેમના માસૂમ પુત્રએ જીવ ગુમાવવો પડ્યો છે. જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠી.

---

### અડધાથી પણ ઓછા સુધરાઈ સભ્યોના ટેકે ચાલતી દે.બારિયા પાલિકાના સુકાનીના અણઘડ વહીવટથી નગરજનો ત્રાહિમામ

## દે.બારિયાના વિકાસ માટે સત્તાની ધૂરા સક્ષમ સુકાનીને સોંપવા નગરજનોની ઉગ્ર માંગ

ખુરશીનો ખેંચતાણની રમત અને જવાબદારોની બદરકારીએ નગરના વિકાસને રૂંધ્યો હોવાના ગંભીર લોકક્ષેપો

(પ્રતિનિધિ) દાહોદ, તા.14

એક તરફ કુલ સભ્યો પૈકી અડધાથી પણ ઓછા સભ્યોનો ટેકો ધરાવતા હોવા છતાં નસીબ જોગે દે.બારિયા નગર પાલિકાની સત્તાની ધૂરા સંભાળી રહેલા સુકાની દ્વારા ચાલતાં વહીવટ દરમ્યાન દિવસે ને દિવસે કથળતો જતો હોવાના જલદ લોકાક્ષપો વચ્ચે નગરજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ નગરમાં વિવિધ એજન્સીઓ દ્વારા ચાલુ કરવામાં આવેલા રોડ-રસ્તા જેવા વિકાસના કામો કોઈક ને કોઈક કારણસર અધૂરી હાલતમાં છોડી દેવામાં આવતા નગરજનોને મુશ્કેલીઓ વેઠવાનો વારો આવ્યો છે. રસ્તાઓ ખોદીને મૂકી દેવાતા લોક ઈન્ટર-જવર પ્રભાવિત બની છે. સાથે સત્તાધીશોના અણઘડ વહીવટને કારણે આકરા ઉનાળામાં પાણીની સમસ્યાને નગરજનોને તોબા પોકારવી પડી રહી છે. નગરના કેટલાક વિસ્તારોમાં પીવાના પાણીનો પૂરવઠો સમયસર નિયમિત આપવામાં આવે છે. જ્યારે અમુક વિસ્તારોમાં ત્રણ ત્રણ દિવસ સુધી પાણી પહોંચતું ન હોવાના ગંભીર લોકાક્ષપો છે. એક તરફ આકરા ઉનાળામાં લુ લાગતી ગરમીનો પ્રકોપ અને બીજી તરફ પાણી માટેની હેરાનગતિને કારણે નગર જનો ત્રાહિમામ પોકારી ગયા છે. આ સાથે નગરમાં સફાઈ વ્યવસ્થા પણ ખોરવાયેલી ગંભીર ફરિયાદો છે. અનેક વિસ્તારોમાં ગંદકીના ઢગ જોવા મળી રહ્યા છે. જેના કારણે લોકોને બીમાર રોગચાળાનો ભય સતાવી રહ્યો છે. પાલિકા કચેરીએ સામાન્ય સમયે પણ સ્ટાફ ના કર્મચારીઓના દર્શન દુર્લભ બની પડ્યા છે. નગરજનો પોતાની સમસ્યાઓ લઈને પાલિકા કચેરીએ પહોંચે છે, ત્યારે પ્રમુખ તેમજ જવાબદાર એવા ચીફ ઓફિસર પણ કચેરીએ હાજર રહેતા નથી અને ખાસ કરીને જવાબદાર એવા ચીફ ઓફિસર ફોન ઉપાડતા ન હોવાની ગંભીર ફરિયાદો છે. ત્યારે, દે.બારિયાની રૈયતને આ સમસ્યાઓમાંથી રાહત ક્યારે મળશે? શું જવાબદાર તંત્ર નગરજનોની સમસ્યાનો ઉકેલ લાવશે? કે પછી નગરજનોને આવી જ હાલતમાં જીવવું પડશે? તેવા ગહન પ્રશ્નો નગરના જનમાનસમાં વાગોળાઈ રહ્યા છે.

---

### શોભાના ગાંઠિયા જેવા કુલરોને રિપેરિંગ કરાવવા લોકોની માંગ ઉઠી

## કાલોલ તાલુકા પંચાયતમાં પીવાના પાણીના કુલર બગડતા ગરમીમાં અરજદારો હેરાન

**ઉચ્ચ** અધિકારીઓ આ બાબતે તાત્કાલિક તપાસ કરે અને ગરમીની સિઝન પૂર્ણ થાય તે પહેલા વોટર કુલરનું સમારકામ તેમજ સફાઇ કરાવે : સ્થાનિક અરજદારો

(પ્રતિનિધિ) કાલોલ, તા.14

પંચમહાલ જિલ્લામાં હાલ સૂર્યદેવ પ્રકોપ વરસાવી રહ્યા છે અને કાળઝાળ ગરમી પડી રહી છે. આવી સ્થિતિમાં સરકારી કચેરીઓમાં પોતાના કામ અર્થે



આવતા નાગરિકો માટે પીવાના શુદ્ધ અને ઠંડા પાણીની વ્યવસ્થા હોવી પ્રાથમિક જરૂરિયાત છે. પરંતુ કાલોલ તાલુકા પંચાયત કચેરીમાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે, જ્યાં લાખોના ખર્ચે મુકાયેલા વોટર કુલર હાલ બિનકાર્યક્ષમ અવસ્થામાં જોવા મળી રહ્યા છે. કાલોલ તાલુકાના અંતરિયાળ ગામડાઓમાંથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકો પંચાયત કચેરીએ વિવિધ કામો માટે આવતા હોય છે. ગરમીના પારા વચ્ચે જ્યારે લોકોને ઠંડા પાણીની જરૂર હોય છે, ત્યારે આ કુલર માત્ર 'શોભાના ગાંઠીયા' સમાન સાબિત થઈ રહ્યા છે. પાણીની યોગ્ય સુવિધા ન હોવાને કારણે લોકોને બહારથી મોંઘા ભાવે પાણી ખરીદવાની અથવા તરસ્યા રહેવાની નોબત આવી છે.એક તરફ સરકાર દ્વારા 'સ્વચ્છ ભારત' અને નાગરિક સુવિધાઓની મોટી વાતો કરવામાં આવે છે, ત્યારે કાલોલ તાલુકા પંચાયતમાં જોવા મળતા આ દ્રશ્યો વહીવટી તંત્રની ઉદાસીનતા છતી કરે છે. સ્થાનિક લોકો અને અરજદારોની માંગ છે કે ઉચ્ચ અધિકારીઓ આ બાબતે તાત્કાલિક તપાસ કરે અને ગરમીની સિઝન પૂર્ણ થાય તે પહેલા વોટર કુલરનું સમારકામ તેમજ સફાઈ કરાવી તેને કાર્યરત કરવામાં આવે તેવી લોકમાગ ઉઠવા પામી છે.